વાવોલના સોની પાસે ૫ કરોડની ખંડણી માંગનાર પકોડીવાળો પકડાયો

વ્યાજખોરોના ત્રાસ અને સાસુ-સસરાના ટોણાંથી કંટાળીને પકોડીવાળો ખંડણીખોર બન્યો..!

ગાંધીનગર, તા. ૨૭

વાવોલ ગામમાં રહીને પાણીપુરીનો ધંધો કરતો મુળ ઉત્તરપ્રદેશનો શખ્સ વ્યાજખોરોના ત્રાસથી અને સાસુ-સસરાના રોજ-રોજના મ્હેણાં-ટોણાંથી કંટાળીને ખંડણીખોર બની ગયો...! ૨૪ એપ્રિલે આ શખ્સે હિંમત કરીને વાવોલ ગામનાં જ એક સોનીને ફોન કરીને ધમકી આપી દીધી હતી કે પાંચ ખોખા તૈયાર રખના.. વરના જાન સે હાથ ધો બઠોગે..! સોનીની ફરીયાદ મળતા જ ગાંધીનગર એલસીબીએ મોબાઈલ નંબરને આધારે આરોપી સુધી પહોંચી ખંડણી માંગનાર પકોડીવાળાની ધરપકડ કરી લીધી છે.

શહેરના સે. ૧૩ ખાતે રહેતા દિલીપભાઈ પરમાનંદભાઈ સોનીને વાવોલ ગામમાં ડી.પી. જવેલર્સ નામની દુકાન છે. ૨૪ એપ્રિલે એક નંબર પરથી ફોન તેમને આવ્યો કે પાંચ ખોખા તૈયાર રખના વરના જાન સે હાથ ધો બેઠોગે..! જે અંગે સોનીએ સે. ૭ પોલીસમથકે ફરીયાદ આપતા ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે નંબરને આધારે આરોપી ખંડણીખોર સુધી પહોચવા દોડધામ શરૂ કરી દીધી હતી. વાવોલ ગામમાં રહીને પાણીપુરી વેચતો મુળ ઉત્તરપ્રદેશનો શખ્સ શીવકુમાર હરીશચંદ્ર યાદવે ખંડણી માંગી હોવાનુ ખુલ્યુ છે. તેની ધરકપકડ કરી પોલીસે પુછપરછ કરતાં બહાર આવ્યું છે કે રૂ. ૩૦ હજાર વ્યાજે લીધા બાદ વ્યાજખોરો ૧૦ ટકા લેખે વ્યાજ વસુલતા હતા. તેમાં પહોંચી વળતો ન હતો. તે ઉપરાંત સાસુ-સસરા મ્હેણાં ટોણાં મારતાં હતા કે ગાંધીનગર રહેકે ભી પૈસેવાલા નહી બન પાયા તો મેરી બેટી કો તુ કૈસે રખ પાયેગા..! આખરે કંટાળીને તેણે સોનીને ટાર્ગેટ બનાવી ખંડણી માંગી લીધી હતી. પોલીસે તેની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરૂ કરી છે.

પત્નિએ ખરીદેલા પેન્ડલના બિલ ઉપરથી સોનીનો નંબર લીધો

થોડા સમય અગાઉ પાણીપુરીવાળાની પત્નિએ વાવોલમાં આ સોનીને ત્યાંથી સોનાનું પેન્ડલ ખરીદ્યુ હતુ. આ પેન્ડલનું બિલ પાણીપુરીવાળા શીવકુમાર પાસે હતુ. આ બિલ ઉપર લખેલા મોબાઈલ નંબરને આધારે સોની દિલીપભાઈનો સંપર્ક કરી ખંડણી માંગવામાં આવી હતી.

સેન્ટ્રલ યુનિવર્સિટીમાં થેલેસેમિયા જાગૃતિ-રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગરના સે. ૩૦માં સેન્ટ્રલ યુનિવર્સિટી દ્વારા થેલેસેમિયા જાગૃતિ અને રક્તદાન શિબિરનું તા. ૨૪મી એપ્રિલે આયોજન કરવામાં આવ્યું હતું. 'ગ્રાસરૂટ્સ' દ્વારા આયોજિત આ શિબિરમાં ડૉ. ગુંજન જૈન, ઉર્મિ વેદ, સુકેતુ મહેતા, પ્રા. આલોક ગુપ્તા વગેરેએ માર્ગદર્શન આપ્યું હતું. રક્તદાન શિબિરમાં ૮૦ બોટલ રક્ત એકત્ર કરાયું હતું. આ શિબિરની સફતા માટે કૉ-ઓર્ડિનેટર લિટ્ટી ડેનિસ અને તેમના આસિસ્ટન્ટ રોહિત પરમાર ઉપરાંત વિદ્યાર્થીઓ સંકેત સંજય શીરસત, શબનમ શેખ, દિવ્યેશ ઠાકોર, ચારૂ મિશ્રા, મહેન્દ્ર ચૌહાણ અને પ્રિયંકા ગામિત વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

ભાટ ગામમાં એક મકાનમાં જુગાર રમતા છ ઝડપાયા

રૂ. ૪૪ હજારના મુદ્દામાલ સાથે એલસીબીએ છ શકુનીઓની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ માર્ગ પર સ્થિત ભાટ ગામમાં પાણીની ટાંકી પાસે એક મકાનમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી છ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતાં. રૂ. ૪૪ હજારના મુદ્દામાલ સાથે એલસીબીએ છ શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમ દારુ-જુગારને નેસ્ત નાબુદ કરવા માટે ખાસ બાતમીદારો ગોઠવી તે દિશામાં લાગી છે ત્યારે ગાંધીનગર નજીકના ભાટ ગામમાં સ્થિત પાણીની ટાંકી પાસે ભીખાભાઈ કાલીદાસના મકાનમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા એલસીબીની ટીમે દરોડો પાડયો હતો. ભાટ ગામના છ શખ્સો ઈશ્વર કાંતિ ઠાકોર, લક્ષ્મણ નાનજી રાવળ, દિલીપ બાબુ રાઠોડ, કાળા માનસંગ ઠાકોર, ભરત છના રાવળ અને વિજય ભગવાન પાસવાનને જુગાર રમતા ઝડપી પાડયા હતાં. તેમની પાસેથી રોકડ રૂ. ૧૪૯૫૦, ૪ નંગ મોબાઈલ કિંમત રૂ. ૪ હજાર અને એક બાઈક તથા પત્તા મળી કુલ રૂ. ૪૩૯૫૦નો મુદ્દામાલ મળી આવતા પોલીસે જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

૧૩ વર્ષની કિશોરીને ઘરે બોલાવી પડોશીએ ગુજાર્યો બળાત્કાર

ખાત્રજ નજીકના વિસ્તારમાં બનેલી ઘટના : બળાત્કાર ગુજારીને આરોપી કિશોરીને રૂમમાં પુરી ભાગી ગયો

ગાંધીનગર, તા.૨૭

જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત ખાત્રજ પાસેના વિસ્તારમાં પડોશીએ ૧૩ વર્ષની માસુમ કિશોરીને બપોરના અરસામાં ઘરે બોલાવીને બળાત્કાર ગુજાર્યાની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. પડોશી બળાત્કાર બાદ રૂમને બહારથી સ્ટોપર મારી કિશોરીને રૂમમાં પુરી દઈને ભાગી ગયો હતો કિશોરીની બુમાબુમ સાંભળી અન્ય પડોશીઓ તથા પરિવારજનો દોડી ગયા હતા. કિશોરીએ સમગ્ર ઘટનાની જાણ કરતાં ગ્રામજનો સ્તબ્ધ થઈ ગયા હતા. કિશોરીની ફરિયાદને આધારે સાંતેજ પોલીસે બળાત્કારનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

૧૩ વર્ષની ધો-૫માં અભ્યાસ કરતી કિશોરી ૨૪ એપ્રિલે બપોરે કપડા ધોવા જઈ રહી હતી ત્યારે બાજુની ઓરડીમાં રહેતા પડોશી શખ્સ જીતુ ઠાકોરે કિશોરીને ઈશારો કરી બોલાવતા કશોરી ત્યાં ગઈ હતી જીતુ કિશોરીને પકડી રુમમાં લઈ ગયો અને તેણીની ઉપર બળાત્કાર ગુજારી કોઈને ન કહેવાની ધમકી આપી રૂમમાં પુરી ફરાર થઈ ગયો હતો. કિશોરીએ બુમાબુમ કરતા તેના પરિવારજનો અને પડોશીઓ પહોંચી ગયા હતાં. પિતાને ઓપરેશન કરેલું હોવાથી બેડ રેસ્ટ છે તેથી કિશોરીનો ભાઈ બહારગામથી આવ્યો એટલે સાંતેજ પોલીસ મથકે જઈને કિશોરીએ સમગ્ર ઘટનાની જાણ કરી ફરિયાદ નોંધાવતા સાંતેજ પોલીસે જીતુ ઠાકુર સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

રીસેપ્શન સ્ટેજ પરથી ગઠીયો કવરો ભરેલી બેગ લઈ ગયો...!

૧ લાખના કવરો અને સોનાની વીંટી બેગમાં હતી : કાનન પાર્ટી પ્લોટમાં બનેલો બનાવ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ માર્ગ પર સ્થિત ભાટ ગામની સીમમાં આવેલા કાનન પાર્ટીપ્લોટમાં લગ્નના રિસેપ્શનના કાર્યક્રમ દરમિયાન સ્ટેજ પરથી કવરો ભરેલી બેગ ચોરી કરી ગઠીયો સરકી ગયો હતો. બેગમાં રૂ.૧ લાખના કવરો હતા જયારે એક સોનાની વિંટી હતી ભેટ-સોગાદો ભરેલી બેગ ઉઠાવી જનાર શખ્સ હજુ પોલીસ સકંજામાં આવ્યો નથી. અડાલજ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં રહેતા ગણપતલાલ મોહનલાલ શાહના દિકરાના લગ્ન રીસેપ્શન ભાટ પાસે સ્થિત કાનન પાર્ટી પ્લોટમાં ૨૦ એપ્રિલે રાખ્યા હતાં. આ સાંજે રિસેપ્શનના સ્ટેજ પર ભેટ-સોગાદો આવી રહી હતી અને એક બેગમાં મુકાઈ રહી હતી ત્યારે અચાનક કવરો અને ભેટ સોગાદો જે બેગમાં મુકાતી હતી તે બેગની ચોરી કરી કોઈ ગઠીયો ભાગી ગયો હતો. બેગમાં રોકડ એક લાખના કવરો તથા રૂ. ૧૦ હજારની કિંમતની વીંટી મળી કુલ રૂ. ૧.૧૦ લાખનો મુદ્દામાલ હતો લગ્નની તમામ વિધીઓ બાદ આજે ગણપતભાઈ શાહે અડાલજ પોલિસ સ્ટેશનમાં ચોરી અંગે ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી પીએસઆઈ ઝાલા એ તપાસ શરુ કરેલ છે. લગ્નનું વિડીયો શુંટીગ ફુટેજ મંગાવી પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

સ્થાનિક કાઉન્સીલરોની નિષ્ક્રિયતા સામે સેક્ટર-૨૪માં કોંગ્રેસની સહી ઝૂંબેશ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે વોર્ડ નં. ૫ ના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્થાનિક કાઉન્સીલરોની નિષ્ક્રિયતા તેમજ પ્રજાના કામોમાં ભાજપના ભ્રષ્ટાચાર સામે સહિ ઝુંબેશનું અનોખુ આયોજન કરાયું હતું.

ત્રણસોથી પણ વધુ વસાહતીઓ દ્વારા આ સહિ ઝુંબેશમાં જોડાઈને ભાજપના કાઉન્સીલરોની નિષ્ક્રિયતા સામે રોષ વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસની યાદીમાં જણાવ્યા મુજબ ગાંધીનગરમાં સમાવિષ્ટ સેક્ટર-૨૪ના વિસ્તાર ગરીબ, મધ્યમ વર્ગ અને શ્રમજીવી વસ્તી રહે છે. અવાર-નવાર

પાણી, રસ્તા, ગટર જેવી મુળભૂત સમસ્યાથી આ વિસ્તારની હાલત કફોળી બની રહેતી હોય છે. વસાહતીઓની વારંવાર રજૂઆત હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પણ પગલા ભરતા નથી. વોર્ડ નં. ૫ ની જનતા મૂળભૂત સુવિધાના અભાવે ખુબ જ હેરાન થતી હોય છે. સરકારશ્રી દ્વારા સમગ્ર જિલ્લામાં થોડા સમય અગાઉ રોડના કામ મંજૂર થયા હતા. વોર્ડ નં. ૫ ના કાઉન્સિલરો દ્વારા આ રોડ જાણે એમની ગ્રાન્ટમાંથી મંજૂર કરવામાં આવ્યા હોય એવી રીતે ડંકાશો મારતા હતા. અને પ્રજાને ગેર માર્ગે દોરતા હતા.

સે. ૨૪માં આવેલા હરિસિદ્ધનગર ખાતે સી.સી.રોડનું કામનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું અને કામ પુરૂ પણ કરી દેવામાં આવ્યું છે. જે કામમાં ગંભીર ગેરરીતી કોન્ટ્રાક્ટર અને કાઉન્સીલર શ્રીઓની મીલી ભગતથી કરવામાં આવી છે. વસાહતીઓ દ્વારા આ ગેરીરીતીની રજૂઆત પાટનગર યોજના વિભાગને કરવામાં આવી હતી પરંતુ તેનો કોઈ ઉકેલ આવ્યો નથી.

રોડનું કામ કરવા માટે વસાહતીઓના ઘરની બહારના ઓટલા તોડવામાં આવ્યા, પગથિયા તોડવામાં આવ્યા છે. જ્યારે જે જગ્યા વેપાર હેતુથી ઉપયોગમાં લેવામાં આવે છે ત્યાં સંપૂર્ણ કામ કરાયું નથી. મકાન નં. ૧૭થી ૨૨ વેપાર હેતુથી વાપરવામાં આવે છે. ત્યાં દબાણ કરાયેલુ છે. તેમને નુકશાન ન થાય તેવા ઈરાદાપૂર્વક હેતુથી ત્યાં રોડનું કામ કરાયું જ નથી. રોડના કામમાં ભ્રષ્ટાચાર અને વેપારીઓ તથા ગરીબી શ્રમજીવી પાસેથી હપ્તાખોરીના વિરોધમાં ગાંધીનગર શહેર કોંગ્રેસ, યુવા કોંગ્રેસ, વિરોધમાં ગાંધીનગર શહેર કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ અને મહિલા કોંગ્રેસ દ્વારા સે. ૨૪ ચોકડી પાસે 'સહી ઝુંબેશ'નું આયોજન કરાયું હતું. જેમાં વસાહતીઓ દ્વારા ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો. વોર્ડ નં. ૫ ના મિલિભગતની તપાસ ઉચ્ચકક્ષાએ નહી થાય તો આગામી સમયમાં ઉગ્રમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

વલાદમાં યુવાનનું શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન

બે દિકરીઓના નજીકના દિવસોમાં લગ્ન હતા : આર્થિક સંકડામણ આપઘાતનું પ્રાથમિક તારણ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક સ્થિત વલાદ ગામમાં રહેતા ૩૫ વર્ષીય મગનજી પ્રહલાદજી ઠાકોરની બે દિકરીઓના નજીકના દિવસોમાં લગ્ન હતાં. આજે બપોરના અરસામાં તેમણે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ગંભીર હાલતમાં મગનજીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતાં.

જો કે સારવાર દરમિયાન તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ડભોડા પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. યુવાને આર્થિક સંકડામણથી કંટાળી આપઘાત કર્યો હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ છે.

રખડતી ગાયોના ત્રાસથી સે-૨૩ વિરાટનગર સોસાયટીના રહીશોને કોઈક તો બચાવો...

રાત્રિ પડતા જ પાંચથી દસ જેટલા આખલા અને ૨૦થી ૨૫ જેટલી ગાયોના ઝુંડ સોસાયટીમાં આતંક મચાવે છે : રહીશોને ઘરની બહાર નિકળવું મુશ્કેલ થઈ ગયું છે : ઢોર પકડવાની ટીમ માત્ર કાગળ ઉપર

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં રખડતી ગાયો અને આખલાઓનો ખુબ જ ત્રાસ છે. અનેક વખત રખડતી ગાયોએ રાહદારીઓને ઈજાગ્રસ્ત કર્યા છે તો આખલાઓ તો રીતસરના દોડીને જીવ લેવાનો પ્રયાસ કરતા હોય છે. સે-૨૩ વિરાટનગર અને સૌરભ સોસાયટીના રહીશોએ સોસાયટીમાં રખડતી ગાયો અને આખલાઓથી છુટકારો અપાવવા માંગ કરી છે.

સેકટર-૨૩ વિરાટનગર સોસાયટી અને સૌરભ સોસાયટીના રહીશોએ જણાવ્યું છે કે, ઘણા સમયથી સોસાયટીમાં પાંચ થી છ જેટલા આખલાઓનું ટોળુ આવી જાય છે અને રીતસરનો મોતનું તાંડવ રજુ કરે છે. બાળકો અને મહિલાઓ મોતના તાંડવ સામે લાચાર બની ઘરની બહાર નિકળવાનું ટાળે છે.

પોતાના કામ અર્થે બહાર નિકળવું હોય તો પણ આખલાઓનું ઝુંડ જાય ત્યાર બાદ નિકળાય છે. આખલાઓની સાથે સાથે ૨૦થી ૨૫ જેટલી ગાયો સોસાયટીની પ્રદક્ષિણા કરવા નીકળે છે. જેનાથી ગંદકીના ઢગ ખડકાય છે. રસ્તા ઉપર મળમૂત્રના ઢગલા કરતી જાય છે અને તેની બદબુ આખી સોસાયટીમાં ફેલાય છે.

મકાન આગળ ખુલ્લી જગ્યામાં સુશોભન માટે ઉગાડવામાં આવેલા ફુલ છોડની મિજબાની કરી ગાર્ડનને ઉજજડ બનાવી નાંખે છે. મોંઘા ફુલછોડને એક જ ઝાટકે ખાઈ જાય છે. રાત્રિના સમયે ગાયોને પણ હાંકવા જતા મારવા માટે સામે આવે છે. રખડતી ગાયોનો કોઈ રણીધણી થતો નથી ત્યારે આવી ગાયો અને આખલાના ત્રાસથી છોડાવવા સોસાયટીના રહીશોએ ઉગ્ર માંગ કરી છે.

શહેરમાં ઢોર પકડવા માટે આખી ટીમ કાર્યરત છે. છતાં પણ આ ટીમ કાર્યરત હોવા છતા રખડતી ગાયો અને આખલાને ઢોર ડબામાં પુરવામાં આવતા નથી જેનાથી આ ટીમ સામે જ શંકા સેવાઈ રહી છે. રખડતા ઢોરોનો ત્રાસ ફકત સે-૨૩માં જ નહિ પરંતુ મોટા ભાગના સેકટરોમાં છે.

શહેરમાં રખડતી ગાયોએ અનેક વસાહતીઓને ઘાયલ કર્યા છે જે ઘાયલ થયા છે તેમાંના કેટલાકને તો હજુ પણ ઠીક થયું નથી. ત્યારે સે-૨૩ની સોસાયટીમાં કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પહેલા રહીશોની માંગને પુરી કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૨૧ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :
જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સ્ક્રીન-૪ :
જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

સિટીપલ્સ

સ્ક્રીન-૨ :
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
એવેન્જર્સ ૨ (ઇંગ્લીશ) : ૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
મિ.એક્સ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૭.૦૦
ધરમ સંકટ મેં : ૭.૦૦

સ્ક્રીન-૫ :
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૪૫
કાગઝ કે ફૂલ : ૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

આપની આજ

મેષ : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

વૃષભ : સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે.

મિથુન : ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. નવા સંબંધો રચાશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

કર્ક : સગા- સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્યજીવનમાં સુખમાં કમી ન થાય તેની કાળજી રાખવી. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે. વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

સિંહ : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : નવી યોજનાઓનો પ્રારંભ થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શકયતા છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

મકર : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

કુંભ : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

મીન : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

ચિરવિદાય

- સ્વ. રાજુભાઈ રામાભાઈ શર્મા (ઉ.વ.૬૨) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. બાબુજી વનાજી રાણા (ઉ.વ.૫૧) મુ. ધણપ, તા.જી. ગાંધીનગર